# ખાતરના યોગ્ય ઉપયોગ અંગે જાગૃતતા કાર્યક્રમ

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી-નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું એકમાત્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે તા. ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા તાપી દ્વારા સંયુકત રીતે ખાતરના યોગ્ય ઉપયોગ અંગે જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યક્રમના પ્રારંભમાં કે. વી. કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડ્યાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા કાર્યક્રમના મહત્વ વિશે સમજાવ્યુ હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી પી. આર. ચૌધરી, પ્રોજેક્ટ ડાયરેકટર,આત્મા-તાપી દ્વારા જુદા જુદા કૃષિ વિભાગોના સંકલીત પ્રયાસો તથા કામગીરી વિશે ખેડુતોને માહીતગાર કર્યા તથા ખાતરના યોગ્ય વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતુ. મુખ્ય અતિથિ ડૉ. એન. એમ. ચૌહાણ, પ્રિન્સીપાલ, પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ન. કૃ. યુ., દ્રારા જમીનની હાલની પરિસ્થિતિ તથા જમીનની તંદુરસ્તી અંગે તેમજ સજીવ ખેતીના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મુખ્ય મહેમાન શ્રી એસ. બી. ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારી, તાપી દ્વારા ખેતીને લગતી જુદી જુદી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. શ્રી નિકુંજભાઈ પટેલ, નાયબ બાગાયત નિયામક,દ્વારા બાગાયત પાકો દ્વારા થતી આર્થિક આવક તેમજ બાગાયત પાકોમાં ખાતરના યોગ્ય વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી નાનસિંગભાઈ ચૌધરી, રિટાયર્ડ ડી. એફ. ઓ. દ્વારા પ્રાકૃતિક ખેતીના મહત્વ તથા પ્રાકૃતિક ખેતીમાં ખાતર વ્યવસ્થાપન અંગે ખેડુતોને માહીતગાર કર્યા હતા. ત્યારબાદ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી ખાતેથી ખાતરના યોગ્ય ઉપયોગ વિષય ઉપર જાગૃતતા કાર્યક્રમનું ખેડુતોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના ઉદ્દ્ઘાટન સમારંભના અંતમાં પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક ( ગૃહવિજ્ઞાન) દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

તાંત્રિક સેશન દરમિયાન સૌ પ્રથમ શ્રી કે. એન. રાણા, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્રારા ખાતરના યોગ્ય ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જમીનમાં જરૂરી પોષક તત્વો અંગે માહિતી આપી હતી. શ્રી ડી. બી. ઘેલાણી, આસીસ્ટન્ટ માર્કેટિંગ મેનેજર, જી. એન. એફ. સી. વ્યારા દ્વારા ખાતર આપવાની જુદી જુદી પધ્ધિતઓ વિશે ખેડુતોને માહિતગાર કરવામાં આવ્યા હતાં. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીમાંથી આવેલ અધિકારી શ્રી સંદીપ પંચાલ દ્વારા ટપક સિંચાઈ પધ્ધિતથી થતા ફાયદાઓ તથા ટપક સિંચાઈ દ્વારા ખાતર આપવાની રીત વિશેની માહિતી આપી હતી. શ્રી ડી. ટી. દેસાઈ, એગ્રો એન્ટરપ્રીન્યોર, વ્યારા દ્રારા પાકોના ઉત્પાદન તથા ગુણવતા માટે જરૂરી એવા મહત્વના પોષક તત્વો નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ વિશેની અગત્યની માહિતી આપી તેમજ ખાતરના યોગ્ય અને સમયસર વપરાશ અંગેની માહિતી આપી હતી. તાંત્રિક સેશનના અંતમાં ડૉ. જીગર બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુપાલન), દ્રારા આભારવિધી કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન તાપી જિલ્લાના કુલ ૧૦૮ ખેડુતોને પ્રો. કે. એન. રાણા તથા શ્રી એન. એમ. મકાણી દ્રારા કે.વી.કે ફાર્મની મુલાકાત કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન પ્રો. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ), કે.વી.કે., વ્યારા દ્વારા કરવામાં આવ્યું હતું.


ખાતરનો યોગ્ય ઉપયોગ
જાગરૂકતા કાર્યક્રમ


ખાતરનો યોગ્ય ઉપયોગ
જાગરૂકતા કાર્યક્રમ